# ચૂંટણી થાય તો શેરી ગરબા તો થવા જ જોઈએ...

## કડક લોકડાઉનમાં ઘરમાં પુરાયેલા નાગરિકો લાંબા સમયથી ભય અનુભવી રહ્યા છે : જનજીવન ભયમુક્ત અને ઉર્જાવાન બને તે માટે શકિતની ભકિતના પર્વની ઉજવણી આવકાર્ય : શેરી ગરબાને મંજુરી આપવી જોઇએ : રાજકીય રેલી, સરઘસો અને ચુંટણી માટે બધુ ખુલ્લુ : શ્રધ્ધાળુઓ માટે આકરા નિયમો : સરકાર મનસ્વી નિર્ણયો કરે છે

ગાંધીનગર તા ૯

*કોરોનાના કપરાકાળમાં કડક લોકડાઉનના અંતે જનજીવન પટરી પર ચઢી રહ્યુ છે. કોરાનાનુ સંક્રમણ વધ્યુ છે. છતા નાગરિકો હવે કોરોના સાથે જીવી પણ રહ્યા છે અને જીરવી પણ રહ્યા છે. કોરાનાના કડક લોકડાઉનના પાલન સાથે નાગરિકો ઘરમાં પુરાયેલા રહ્યા હતા. સાત મહીનાના લાંબા સમયગાળાથી ધાર્મિક તહેવારો ની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો, સામાજિક મેળાવડા સહીતના કાર્યક્રમો પર રોક લાગેલી છે. નાગરિકો હવે કોરાનાના સંક્રમણ સામે પણ જાગૃત બની ગયા છે. પવિત્ર શ્રાવણમાસ, રથયાત્રા મહોત્સવ,ગણેશોત્સવ બાદ હવે નવરાત્રી પર્વની ઉજવણીને પણ કોરાનાનુ ગ્રહણ લાગેલુ છે. ત્યારે સરકારે પણ નવરાત્રી મહોત્સવને મંજુરી ન આપી હોવાથી નગરજનોમાં આક્રોશ પ્રવર્તયો છે. રાજકીય રેલી, સરઘસો થાય છે. ચુંટણીને મંજુરી અને ગરબાને નહીં.. આ વાત શેરી ગરબાના આયોજકો અને ગરબાપ્રેમીઓને ખુંચી રહી છે. ચુંટણી થઈ શકતી હોય તો ગરબા પણ થવા જોઈએ. નવરાત પર્વની ઉજવણીમાં શકિતની ભકિતથી અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થાય છે. ભાવિકોમાં ઉર્જાનો સંચાર થશે...નાગરિકોને ભયમુકત કરવા અનિવાર્ય છે. ભારતીય સંસ્કૃતિની ધરોહર જળવાય તે અનિવાર્ય છે. સરકાર મનસ્વી નિર્ણયો લેવાનુ બંધ કરે વગેરે મુદ્દાઓ સમિતિના આયોજકોએ પોતાના મંતવ્યમાં રજુ કર્યા છે.*



શેરી ગરબા પ્રતિકાત્મક થવા જોઈએ. જેમ ગણેશોત્સવની ઉજવણી કરી તેમ કરવી જોઈએ આ ધર્મ અને આસ્થાની વાત છે. બેઠા ગરબા કરવા જોઈએ. પાંચ કે અગિયાર ગરબા ગાવા જોઈએ. સેકટરોના શેરી ગરબામાં બેઠા ગરબા થવા જોઈએ. પરંપરાગત ઉજવણી થઈ શકે તે મુજબ મંજુરી આપવી જોઈએ. સોશિયલ ડિસ્ટન્સીંગ સહીતના નિયમોનુ પાલન થાય તે પણ અનિવાર્ય છે. જગ્યા મુજબ સર્કલ કરીને પણ નવરાત્રિનુ આયોજન થવુ જોઈએ. ભારતીય સંસ્કૃતિ અને ભારતીય પરંપરાની જાળવણી થવી જોઈએ. નેતાઓને તાયફા તમાશા કરવા માટે સત્તા સ્થાને બેઠેલા બધુ મંજુરી વગર કરી શકે છે. વિરોધપક્ષ અને સામાન્ય નાગરિકો માટે કાયદા કાનુન છે. તે દુખદ બાબત છે. નાયબ મુખ્યમંત્રી મંજુરી આપવાની વાત કરતા હતા અને પક્ષ પ્રમુખ કાંઈક અલગ વાત કરે છે. પક્ષના તાયફા તમાશા અને તફાવતના લીધે આમ પ્રજા અને ભારતીય સંસ્કૃતિનુ નિકંદન ન નિકળવુ જોઈએ. હીન્દુઓને બહેકાવી મતોની રાજકીય રોટલી શેકી આજે એ જ ધરોહરને નેસ્તનાબુદ કરવા ભાજપ સરકાર કટીબધ્ધ છે જે ઘણી દુખદ બાબત છે.

**નિશિત વ્યાસ**



સરકારના નિયમ પ્રમાણે ચાલવુ જોઈએ. સ્થાપન કરવાનો નિર્ણય લીધો છે. સવારે સાંજે આરતી અને પુજાવિધિ કરવી જોઈએ. ચુંટણી માટે મંજુરી આપતા હોય તો ભારતીય સંસ્કૃતિના તહેવારનુ પણ ધ્યાન રાખવુ જોઈએ. ભાવિકોએ પણ વિશેષ ખ્યાલ રાખવાની અનિવાર્યતા છે. છેલ્લા ઘણાં સમયથી નાગરિકો ભય હેઠળ છે. જો મંજુરી આપવામાં આવે તો નાગરિકો પણ થોડા ભયમુકત થઈ શકે નવરાત્રિમાં આધ્યાત્મિક ચેતના જાગૃત થવાથી નાગરિકોની મનોદશા સુધાર આવી શકે તેમ છે. શકિતની ભકિતથી નવી ઉર્જાનો સંચાર થાય છે. આમ નાગરિકો હવે લાંબા સમયના અંતે જાગૃત થઈ ગયા છે. ત્યારે સરકારે પણ યોગ્ય નિયમ સાથે શેરી ગરબાને જરૂરી મંજુરી આપવી જોઈએ. કોરાનાના કહેરથી નાગરિકો ભયમાં જીવી રહ્યા છે. આવા સંજોગોમાં શેરી ગરબાની ઉજવણીથી નગરજનોમાં નવી ઉર્જાનો સંચાર થશે.

**કાલીદાસ પટેલ**
**સે-૨૨ નવરાત્રિ સમિતિ આયોજક**

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં પણ છેલ્લે સુધી મંજુરીની વાતોના અંતે દુખી કર્યા હતા. કોરોનાના સંક્રમણની બુમો વચ્ચે ચુંટણી કરવામાં વાંધો નથી. વિધાનસભાનુ સત્ર બોલાવાય છે પરંતુ પ્રજાના પ્રશ્નોની તો ચર્ચા જ થતી નથી. રાજકીય મેળાવડા,રેલી સભા ,સરઘસો થઈ શકે અને ધાર્મિક પર્વની ઉજવણી ન થાય માતાજીના ગરબા યોજવા માટે પણ મંજુરી લેવી પડે તે શ્રધ્ધાળુઓ માટે દુખદાયક બાબત છે. લોકડાઉન દરમિયાન નાગરિકો સતત ઘરમાં પુરયેલા રહ્યા છે. દિવડાઓ પ્રગટાવ્યા અને થાળીઓ પણ વગાડી જયારે હવે નવરાત્રિની ઉજવણી કરવા મંજુરી નહીં મળે..એક હથ્થુ શાસન કરવુ અને મનસ્વી નિર્ણયો લેવામાં જ સરકાર માને છે.



**સંદીપ કનુભાઇ રાવલ**
**સે-૧૭ પ્રમુખ નવરાત્રિ મહોત્સવ સમિતિ**



સરકારે નવરાત્રિ મહોત્સવની ઉજવણી અન્વયે મંજુરી આપી હોત તો પણ જરૂરી નિયમોનુ પાલન કરવુ અનિવાર્ય છે. પરંતુ જો ચુંટણી પ્રક્રીયા હાથ ધરવા માટે સરકાર તૈયાર હોય બીજીતરફ રાજકીય કાર્યક્રમો પણ થતા હોય ત્યારે શેરીગરબાના આયોજનને મંજુરી આપવી જોઈએ.

પાર્ટી પ્લોટના ગરબામાં ટોળુ ભેગુ થાય છે તેનુ આયોજન હાલના સમયમાં શકય નથી ત્યારે શેરી ગરબાનુ આયોજન એક સેકટરમાં ચાર થી પાંચ જગ્યાએ થતુ હોય છે. આવા સંજોગોમાં ભીડ એકત્રિત થવાના સંજોગો ઓછા હોય છે. જયારે નવરાતની ઉજવણી પણ સોસાયટી પુરતી સિમિત હોય છે. જેથી મંજુરી આપવી જોઈએ.

**હીતેશ અમૃતભાઇ પટેલ**
**સે-૩ બી પ્રમુખ નવરાત્રિ મહોત્સવ સમિતિ**




ચુંટણીને મંજુરી આપી શકાય તો નવરાત્રિને કેમ નહીં.. નિયમો બધા માટે સરખા હોવા જોઈએ. સરકારે દહીંમાં અને દુધમાં પગ રાખીને જાહેરાત કરવાની નિતી છોડી દેવી જોઈએ. ત્યારે નાગરિકો પણ હવે જાગૃત થઈ ગયા છે.બીજીતરફ ધાર્મિક કે અન્ય ઉજવણીમાં પણ જરૂરી નિયમોનુ પાલન થાય તે પણ અનિવાર્ય છે.

**બિપીન પરમાર**
**સે-૩ ન્યુ નવરાત્રિ મહોત્સવ સમિતિ આયોજક**

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



એલા, આ વર્લ્ડ બેંકના રીપોર્ટ મુજબ આપણી હાલત પહેલા ખરાબ ન હતી... હવે થાવાની...!!

### કોરોનાને કારણે કેન્સલ થયેલ ટૂરના પેકેજ પેટે

# ચૂકવાયેલ ૧.૬૪ લાખ પરત ન આપતા ફરિયાદ

ગાંધીનગર, તા.૯

શહેરના સેકટર-૨૨ ખાતે રહેતા યુવકે ઈન્ડોનેશીયાના બાલી કપલ ટુર પેકેજ બુક કરાવ્યું હતું. જેથી પેકેજ પેટે યુવકે ફલાઈટ ટીકીટના રૂ.૫૪ હજાર અને લેન્ડ પેકેજ ના રૂ.૧.૧૦ લાખ મળી કુલ રૂ.૧.૬૪ પેકેજ બુક કરાવી ટુકડે-ટુકડે રૂપીયાની ચુકવણી કરી દીધી હતી. ત્યારે કોરોનાને પગલે કેન્સલ થયેલા ટુર પેકેજના રૂપીયા પરત ન મળતા યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

શહેરના સેકટર-૨૨ બોસ્કી એપાર્ટમેન્ટ ખાતે રહેતા કલ્પ હરેશ પટેલ (ઉં.૨૭)ના લગ્ન તા.૧૧ ફેબ્રુઆરીના રોજ થયા હતા. લગ્ન બાદ કપલ ફરવા માટે ઈન્ડોનેશીયાના બાલી ખાતે જવાનો પ્લાન બનાવ્યો હતો. જેથી યુવકે પોતાના મિત્ર ને વાત કરતા તેણે દિલ્હી સ્થિત સુઝ ઓન લુઝ કંપનીની વાત કરી હતી. જેથી ફરીયાદીએ કંપનીના ફાઉન્ડર મોહિત પોદારનો ફોન પર સંપર્ક કર્યો હતો. મોહિતે બાલી માટેની ફલાઈટ અને લેન્ડ પેકેજ મળી કુલ રૂ.૧.૬૪ લાખનું પેકેજ કહ્યું હતું. યુવકે માર્ચમાં બુક કરવાની વાત કરતા મોહિત પોદારે ફેબ્રુઆરીમાં બુકીંગ કરાવી લેવા અને માર્ચમાં સેટ ન થાય તો બુકીંગના પૈસા પાછા આપી દેવાની વાત કરી હતી. જેથી યુવકે ટુરના રૂપીયા જમા કરાવ્યા હતા. જેમાં દંપતિની તા.૧૬ માર્ચે મુંબઈથી બાલી જવાની અને તા.૨૪ માર્ચની પરત ટીકીટ હતી. તા.૧૧ માર્ચે કોરોના મહામારીને પગલે યુવકે પોતાની ટુર કેન્સલ કરાવી હતી. યુવકે રીફંડ માટે મોહિત પોદારને વાત કરતા તેણે મે -૨૦ માં રૂપીયા આપવાની વાત કરી હતી. ત્યારબાદ પણ વિવિધ વાતો કરીને રૂપીયા ચુકવ્યા ન હતા. ત્યારબાદ યુવકનો ફોન ઉપાડવાનો પણ બંધ કરી દેતા કંપની સાથેના સંપર્કો તુટી ગયા હતા. જેથી યુવકે સેકટર-૨૧ પોલીસ મથકે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકા પંચાયતના કોંગ્રેસના સભ્યોને આજે સામાન્ય સભાને લઈ પક્ષ તરફથી લાડુ-દાળ-ભાત-શાકનું ભોજન પીરસાયુ હતુ.
- ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ હાજરી આપી હતી.
- આઈઆઈટી ગાંધીનગર ખાતે કોરોનાના એન્ટીજન ટેસ્ટના કેમ્પ દરમ્યાન આજે પાંચ કેસ કોરોના પોઝીટીવના જણાયા હતા.
- ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના આગેવાનોએ આજે યોજાયેલ વર્ચ્યુઅલ પ્રતિકાર રેલીમાં ભાગ લીધો હતો.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના એક મહિલા સભ્યના પતિદેવ અને એક સદસ્યને કોરોના પોઝીટીવ આવ્યાની વાત આજે ચર્ચામાં હતી.
- રાજ્ય ચૂંટણી પંચની આજે મહત્વની બેઠક મળી હતી જેમાં વિવિધ વિભાગોના વડા સાથે પરિસ્થિતિની સમીક્ષા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના સંદર્ભે કરાઈ હતી.

# મેડિકલમાં આ વર્ષે ફીમાં કોઈ જ વધારો નહીં કરાય : નીતિનભાઈ પટેલ

## રાજ્ય સરકારનો વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય : રાજ્યની ૧૭ મેડિકલ-ડેન્ટલ કોલેજોમાં અભ્યાસ કરતાં અંદાજે ૩૨૫૦ વિદ્યાર્થીઓને લાભ મળશે

રાજ્યમાં પ્રવર્તી રહેલ કોરોનાની મહામારી અંતર્ગત ધંધા-રોજગારને આર્થિક રીતે નુકશાન થતાં તબીબી શિક્ષણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વાલીઓને સહાયરૂપ થવા માટે રાજ્યની સરકારી અને જીએમઈઆરએસ હસ્તકની આઠ મેડીકલ કોલેજ અને ડેન્ટલ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ફી માં આ વર્ષ પુરતો કોઈ વધારો નહીં કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે તેમ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ હતું. રાજ્યની સરકારી તથા જીએમઈઆરએસ હસ્તકની કુલ-૧૭ મેડીકલ કોલેજ તથા ડેન્ટલ કોલેજમાં અભ્યાસ કરતાં ૩૨૫૦ વિદ્યાર્થીઓને લાભ મળશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, તબીબી શિક્ષણ ક્ષેત્રે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે હયાત ફી લેવામાં આવે છે તે જ લેવાશે. રાજયમાં જીએમઈઆરએસ હસ્તકની સોલા, ગોત્રી, ગાંધીનગર, વલસાડ, ધારપુર, હિંમતનગર, જુનાગઢ અને વડનગર મળી કુલ-૮ કોલેજો અને ૬ સરકારી મેડીકલ કોલેજ, સરકારી ડેન્ટલ કોલેજ ૨ અને જી.એમ.ઈ.આર.એસ. હસ્તકની ૧ ડેન્ટલ કોલેજમાં અભ્યાસ કરતાં કુલ-૩૨૫૦ વિદ્યાર્થીઓને આ રાહતનો લાભ મળશે. તેમણે ઉમેર્યુ કે, સરકારી ક્વોટાની વાર્ષિક ટ્યુશન ફી રૂ. ૩ લાખ, મેનેજમેન્ટ ક્વોટાની વાર્ષિક ટ્યુશન ફી રૂ. ૮ લાખ ૨૫ હજાર અને એનઆરઆઇ ક્વોટાની વાર્ષિક ટ્યુશન ફી ૨૦ હજાર યુએસ ડોલર જે ગયા વર્ષે નિયત કરાઈ હતી તે જ ફી આ વર્ષે પણ આ ધોરણે વિદ્યાર્થીઓએ ફી ભરવાની રહેશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, રાજ્ય સરકારની આઠ મેડીકલ કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ૨૫,૦૦૦/ વાર્ષિક ફી, સરકારી ડેન્ટલ કોલેજમાં વાર્ષિક ૨૦,૦૦૦/ તથા જીએમઈઆરએસ હસ્તકની સિધ્ધપુરની ડેન્ટલ કોલેજમાં સરકારી અને મેનેજમેન્ટ ક્વોટા માટે ૨ લાખ તથા એનઆરઆઈ ક્વોટા માટે ૧૦,૦૦૦/ ડોલર ફી લેવામાં આવે છે. તે જ ધોરણે આ વર્ષે પણ ફી લેવામાં આવશે. આમ આ વર્ષ પુરતું સરકારી-જીએમઈઆરએસ મેડીકલ-ડેન્ટલ કોલેજોની ફી માં કોઈ વધારો કરવામાં નહીં આવે જેનો લાભ ૩૨૫૦ વિદ્યાર્થીઓને મળશે.



આજે જ્યારે કોરોનાના કેસમાં દિવસે ને દિવસે વધારો થઈ રહ્યો છે. સરકાર દ્વારા પણ કોરોના ગાઈડલાઈન્સ આપવામાં આવી છે છતાં પણ આજે શહેરની સે. ૧૦ સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં સોશિયલ ડિસ્ટન્સીંગનો ભંગ થતો જોવા મળ્યો હતો.

# પેટાચૂંટણી માટે આજથી ઉમેદવારી પત્ર ભરી શકાશે

ગાંધીનગર,તા.૯

વિધાનસભાની ખાલી પડેલી ૮ બેઠકોની પેટાચૂંટણી માટે ૩ નવેમ્બરે મતદાન થવાનું છે. આ પેટાચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાનો પ્રારંભ આજથી થઈ રહ્યો છે. ઉમેદવાર રૂબરૂ જઈને અથવા તો ઓનલાઈન ફોર્મ ભરી શકે છે. ત્યારે ઉમેદવારો ૧૬ ઓક્ટોબર સુધી ઉમેદવારી પત્રો ભરી શકશે. જોકે, બંને મુખ્ય રાજકીય પક્ષોએ હજુ સુધી પોતાના ઉમેદવારો જાહેર નથી કર્યા. ૮ માંથી ૭ બેઠકો પર ભાજપના ઉમેદવારો લગભગ નક્કી છે, માત્ર ઔપચારિક જાહેરાત આગામી સપ્તાહે કરવામાં આવશે. ભાજપના સંભવિત ઉમેદવારોએ પ્રચાર કરવાની શરૂઆત પણ કરી દીધી છે. આજથી ઉમેદવારી પત્રો ભરાવાની શરૂઆત થશે. ત્યારે ભાજપના ઉમેદવારો ૧૨ ઓક્ટોબર બાદ ફોર્મ ભરશે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. જોકે, ભાજપના તમામ ઉમેદવારો રૂબરૂમાં ફોર્મ ભરશે. કોરોનાને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે તૈયાર કરાયેલા વેબ પોર્ટલનો ઉપયોગ નહિવત રહેશે. ઉમેદવારી ફોર્મ ભરવા સમયે રાજ્ય સરકારના મંત્રી તથા સંગઠનના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. તેમજ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ પણ હાજરી આપશે. તો બીજી તરફ, ગુજરાત વિધાનસભા પેટાચૂંટણી માટે મુખ્ય ચૂંટણી પંચે ૮ બેઠકો માટે તૈયારીઓને આખરી ઓપ આપ્યો છે. કોરોનાને કારણે આ વખતે ૫૬૫ જેટલા વધું બૂથ રાખવામાં આવશે. ૮ બેઠકો માટે કુલ ૩૦૨૪ બૂથ બનાવવામાં આવશે. આજથી ૨૭ જેટલી ફલાઈંગ સ્કૉડ ૮ બેઠકો પર ચૂંટણી આચાર સંહિતા પર નજર રાખશે.



ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આજે ગાંધીનગર તાલુકાના શિવપુરા કંપા ગામની મુલાકાત લઈ પ્રયોગશીલ ખેડૂત શાંતિભાઈ પટેલ સાથે આધુનિક ખેતી અને હાલ ખેતીની સ્થિતિ સહિતની નાની નાની બાબતોની જાણકારી મેળવી હતી. આ પ્રસંગે જિલ્લા ખેતીવાડી અધિકારી જાદવ તેમજ શાંતિભાઈ પટેલ કલેક્ટર સાથે પરામર્શ કરતા જોવા મળી રહ્યા છે.

# અમદાવાદ, સુરત, વડોદરામાં સર્વેલન્સ માટે સરકારનો નિર્દેશ

ગાંધીનગર,તા.૯

રાજ્યમાં કોરોના કહેર હજી પણ યથાવત છે. ત્યારે અમદાવાદ, સુરત, વડોદરા સહિતના મહાનગરોમાં આગામી બે મહીના સુધી કોરોનાને હળવાશથી નહીં લેવાની સૂચના આપવામાં આવી છે. કોરોનાના વધતા જતા સંક્રમણને કારણે સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવવા કલેક્ટરોને નિર્દેશ આપવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતેની કમિટી ઑફ હેલ્થ એડમિનિસ્ટ્રેશનની યોજાયેલી બેઠકમાં એવો નિર્દેશ અપાયો હતો કે, રાજ્યમાં કોરોનાગ્રસ્ત દર્દીઓના મૃત્યુઆંકમાં ભલે ઘટાડો થયો હોય પરંતુ આગામી નવેમ્બર-ડિસેમ્બર મહીનામાં કોરોનાની નવી લહેર આવી શકે છે. જેથી કોરોનાને લઈ સતત એલર્ટ રહેવા કલેક્ટરોને નિર્દેશ આપવામાં આવ્યો છે. કલેક્ટર તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવવામાં આવશે. ગુજરાતમાં કોરોના મહામારીમાં સતત સંક્રમિત દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. તેની સાથે કોરોનાગ્રસ્ત દર્દીઓનાં મૃત્યુઆંકમાં ઘટાડો જોવા મળ્યો છે. પરંતુ કોરોનાને કંટ્રોલમાં લેવા કમિટી ઑફ હેલ્થ એડમિનિસ્ટ્રેશનની એક ખાસ બેઠકમાં રાજ્યમાં કોરોનાની વર્તમાન સ્થિતિની ખાસ સમીક્ષા કરવામાં આવી હતી. તેની સાથે જ રાજ્યનાં મહાનગરોમાં તહેવારોના બે મહીના સુધી કોરોનાને લઈ સાવધાન રહેવા જણાવાયું છે. કમિટી ઑફ હેલ્થ એડમિનિસ્ટ્રેશનની બેઠકમાં એવો પણ નિર્દેશ અપાયો હતો કે, "રાજ્યમાં કોરોનાગ્રસ્ત દર્દીઓનો મૃત્યુઆંક ભલે ઘટ્યો પરંતુ આગામી નવેમ્બર-ડિસેમ્બર માસમાં કોરોનાની નવી લહેર આવી શકે તેવી શક્યતા છે. જેનાં પગલે સતત એલર્ટ રહેતાં કલેક્ટર તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવા આદેશ આપવામાં આવ્યાં છે.

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**
બ્લોક નં. ૧૮ના ૪થા માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૪૯૦૧૭, ૨૩૨૪૯૦૧૮ E-mail-guda.info@yahoo.co.in
**ઈ-ટેન્ડર નોટીસ નં.૦૧/૨૦૨૦-૨૧**

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા વિવિધ નગર રચના યોજનાઓનું ટોટલ સ્ટેશનથી ટૉપોગ્રાફી સર્વે તથા ડીમાર્કેશનની કામગીરી માટે લાયકાત ધરાવતી એજન્સી પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) ઈ.એમ.ડી. (૩) સિક્યોરીટી ડીપોઝીટ (૪) ટેન્ડર ફી |
|---|---|---|
| ૧ | ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ નગર રચના યોજનાનું ટોટલ સ્ટેશનથી ટૉપોગ્રાફી સર્વે તથા ડીમાર્કેશનની કામગીરી માટે લાયકાત ધરાવતી એજન્સીની આગામી ત્રણ વર્ષ માટે નિમણુંક કરવા માટેની આઈટમ રેટ કોન્ટ્રાક્ટથી કામગીરી કરવા માટેના કામ કરવા બાબત. | (૧) રૂ. ૪૫,૦૦,૦૦૦/- (૨) રૂ. ૪૫,૦૦૦/- (એફ.ડી.આર./ડી.ડી.) (૩) રૂ. ૧,૧૨,૫૦૦/- (૪) રૂ. ૨૫૦૦/- ટાઈમ લીમીટ : ૩૬ (છત્રીસ) માસ |
| | ઉપરોક્ત કામની વિગતો અત્રેની કચેરીના માપણી શાખામાંથી તથા ગુડાની વેબસાઈટ http://guda.nprocure.com પર તા. ૯/૧૦/૨૦૨૦થી જોવા મળશે. | |
| (૧) | પ્રીબીડ મીટીંગ તા. ૧૫/૧૦/૨૦૨૦ના રોજ ૧૬-૦૦ કલાકે | |
| (૨) | ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૯/૧૦/૨૦૨૦ સાંજના ૧૮-૦૦ કલાક સુધી | |
| (૩) | ટેન્ડરની હાર્ડ કોપી, ટેન્ડર ફી, ઈ.એમ.ડી. ગુડા ઓફીસે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયર / હાથોહાથથી મોકલવાની છેલ્લી તા. ૫/૧૧/૨૦૨૦ સાંજના ૧૮-૦૦ કલાક સુધી (કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.) | |
| (૪) | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ છે ૨/૧૧/૨૦૨૦ના રોજ ૧૬-૦૦ કલાકે | |
| (૫) | પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ અલાઈદા જણાવવામાં આવશે. | |
| (૬) | ઓનલાઈન કરવામાં આવેલ દસ્તાવેજો જ ધ્યાને લેવા પાત્ર રહેશે. | |

માહિતી/૧૦૬૩/૨૦-૨૧

**જાહેર નોટીસ**
**મુસદ્દારૂપ નગર રચના નગર રચના યોજના નં.૦૩ (કુડાસણ - કોબા)**

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૦૩ (કુડાસણ-કોબા) યોજના વિસ્તારના તમામ જમીન માલિકો, હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને આથી જણાવું છું કે, અત્રેથી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૦૩ (કુડાસણ-કોબા)ની દરખાસ્તો અન્વયે મળેલ વાંધા રજૂઆત ધ્યાને લઈ કામચલાઉ પુનઃબંધારણની દરખાસ્તો તૈયાર કરેલ છે. સદર કામચલાઉ પુનઃબંધારણની જરૂરી સમજુતી આપવા તમામ જમીન માલિકોને તેની જાણ કરતી નોટીસો બજાવવામાં આવેલ છે. તેમ છતાં સરનામાના અભાવે યા અન્ય કારણોસર નોટીસ મળેલ ન હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૦ (દસ)માં નીચેના સરનામે દસ્તાવેજી પુરાવા સાથે આપશ્રી અથવા આપના પ્રતિનિધિ હાજર રહી ઉપરોક્ત યોજનાની કામચલાઉ પુનઃબંધારણની જરૂરી સમજણ મેળવવા માટે તેમજ તે અન્વયે જો કોઈ રજૂઆત કરવાની હોય તો માલિકી અંગેના તથા અન્ય જરૂરી આધાર પુરાવા સાથે રૂબરૂમાં કે લેખિતમાં દિન-૧૦ (દસ)માં રજૂઆત કરવા વિનંતી કરવામાં આવે છે.

ઉપરના જણાવેલ સમય દરમિયાન જો કોઈ રજૂઆત કરવામાં નહી આવે તો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની જોગવાઈ અનુસાર ઉક્ત યોજના અન્વયે કચેરીમાં ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ યોજના આખરી કરવા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

**તા. ૯/૧૦/૨૦૨૦**
**સ્થળ : ગાંધીનગર**

**સહી/-**
**નગર રચના અધિકારી**
**ગાંધીનગર નગર રચના યોજના**
**ગાંધીનગર**

**કચેરીનું સરનામું :**
**નગર રચના અધિકારીની કચેરી**
**ગાંધીનગર નગર રચના યોજના, ગાંધીનગર**
**ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૩**
**ભોયતળિયે, જુના સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦**

માહિતી/૧૦૫૫/૨૦-૨૧